ક્રમાંક : NCSC/૨૦૧૭-૧૮/ 10454 - 89

કમિશનર,શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧,ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.
તારીખ: ૨૨/૦૬/૨૦૧૭

વંચાણે લીધા :-

૧. સલાહકાર, ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ અને ટેકનોલોજી તા. ૦૮/૦૬/૨૦૧૭ નો પત્ર.

પરિપત્ર:-

સંદર્ભ (૧) ના પત્રમાં જણાવ્યા મુજબ સમગ્ર દેશમાં બાલવિજ્ઞાન પરિષદનું આયોજન કેન્દ્ર સરકારનાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના એન.સી.એસ.ટી.નેટવર્ક દ્વારા યોજવામાં આવે છે. જેમાં રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોગ્રેસ નામનો પ્રોજેક્ટ ૧૯૯૩ થી અમલમાં છે.

આ કાર્યક્રમ માટે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગરએ ગુજરાત રાજયનું કોર્ડિનેટર છે તેના તરફથી ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સંગઠનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ પ્રવૃતિમાં શાળાના શિક્ષકો અને વિધાર્થીઓ ભાગ લઈ શકે તે હેતુસર આ અંગેના પરિપત્રથી રાજ્યના તમામ જિ.શિ.અ.શ્રીઓને જાણ કરવામાં આવે છે. તદઅનુસાર ચાલુ સાલે આ પ્રવૃતિમાં રાજયની તમામ શાળાઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા વિનંતી છે. આ કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્રનો સંપર્ક કરવા વિંનતી છે.

૧. આ પ્રવૃતિમાં પસંદ કરેલ શાળાઓમાં શિક્ષક અને વિદ્યાર્થીને નિયમ મુજબનું પ્રવાસ ભથ્થું- ટી.એ, ડી.એ. (ફકત ગુજરાત રાજ્યના પ્રવાસ પૂરતા) સંસ્થા પોતાની નિયત ગ્રાન્ટ માંથી કરી શકે છે.
૨. પસંદ કરાયેલ શિક્ષકોને આ પ્રવૃતિમાં જરૂરી પ્રવાસ કરવો પડે તે સમયને લીવ ઓન ડ્યુટી ગણવામાં આવશે.
૩. રાજય કક્ષામાંથી પસંદ થયેલ વિધાર્થીઓના દરેક ટીમનો એક લીડર રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં જશે અને તેનો ખર્ચ યજમાન રાજ્ય ભોગવશે.
૪. આ રાષ્ટ્રીય પ્રવૃતિમાં ગુજરાતના વિધાર્થીઓ, શિક્ષકો અને શાળાઓ હંમેશ મુજબ સારો દેખાવ કરી ગુજરાતનું ગૌરવ વધારશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. તે માટે શાળાના ઉત્સાહી , શિક્ષકોને વધુ પ્રોત્સાહન મળે અને તેનો લાભ શાળાના બાળક મેળવે તેવું વાતાવરણ શાળામાં ઉભુ થાય એવા પ્રયત્નો કરવાના રહેશે.

(પી. એમ. જોષિયારા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

નકલ રવાના જાણ સારૂ :-સલાહકાર, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, ગુજરાત સરકાર, બ્લોક-બી, ૭મો માળ, બહુમાળી ભવન, સેકટર-૧૧, ગાંધીનગર